આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૨-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## મુખ્યમંત્રી-હાઈસ્પીડ કોરીડોર

અમદાવાદ-મહેસાણા-પાલનપૂર રોડનો હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત વિકાસ થશે.. આ કોરિડોરના વિકાસ માટે રાજ્ય સરકારે ૨૬૩ કરોડ રૂપિયા ફ્લાય ઓવર અને વ્હેક્યુલર અન્ડરપાસ માટે ફાળવ્યા છે.. આ ઉપરાંત રાધનપૂર ચોકડી પર નવો ૬-માર્ગીય ફ્લાય ઓવર બ્રિજ અને નાગલપૂર ચોકડી તથા ઉનાવા ખાતે નવા ૬ માર્ગીય વ્હેક્યુલર અન્ડરપાસનું નિર્માણ કરવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે...

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને અંદાજે ૩ હજાર ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા માટેની કામગીરી થશે. જેમાં વટામણ- પીપળી, સુરત- સચિન-નવસારી, અમદાવાદ- ડાકોર, ભૂજ-ભચાઉ, રાજકોટ- ભાવનગર અને મહેસાણા-પાલનપૂર સહિત ૬ હાઈસ્પીડ કોરીડોરનો સમાવેશ થાય છે..

આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત વિસ્તારના લોકોને અમદાવાદ સાથેની વધુ સરળ, સલામત અને ઝડપી રોડ કનેક્ટીવીટી મળશે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

## ઔષધ નિયમન-મંદિર પ્રસાદ

રાજ્યના પ્રસિધ્ધ તીર્થસ્થાનો એવા અંબાજી, દ્વારકા, સોમનાથ સહિતના સ્થળો પર પ્રસાદની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી છે. પ્રસાદ વહેંચણી કરતાં આવા ૩૨ જેટલા સ્થળો પર રાજ્યના ખોરાક અને ઓષધ નિયમન તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી છે જેમાં પ્રસાદમાં પ્રાણિજન્ય ચરબી જોવા મળી

નથી, તેમ ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશ્નર ડો. હેમંત કોશિયાએ જણાવ્યું હતું.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---

## સ્વચ્છતા હી સેવા

"સ્વચ્છતા હી સેવા-2024" પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે રાજ્યની 8 મહાનગરપાલિકા અને 157 નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી. જે અંતર્ગત, જાહેર વાહનવ્યવહાર અને હાઈ-વે ઉપર કરાયેલી સફાઈ દરમિયાન 62 હજારથી વધુ નાગરિકોએ શ્રમદાન દ્વારા 302 ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો.. ઉપરાંત, રાજ્યમાં કુલ 100થી વધુ સ્વચ્છતા અંગેના શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું.

વડોદરા, મહેસાણા તેમજ કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં પણ ચિત્ર અને નિબંધ સ્પર્ધા દ્વારા બાળકોને સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવ્યો..

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

---

## દરિયા કિનારાની સફાઈ-માંડવી બીચ

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જના સહયોગથી ગુજરાત વન વિભાગ દ્વારા ઇન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનપ ડે નિમિત્તે ગઈકાલે તા-21 સપ્ટેમ્બરના રોજ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના માંડવી વિન્ડ ફાર્મ બીચ ખાતે દરિયા કિનારાની સફાઈ નું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું.

સદર કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને દરિયા કિનારાની સ્વચ્છતા બાબતે જાગૃતિ આવે તે માટે સિગ્નેચર કેમ્પેન, સેલ્ફી પોઇન્ટ, માહિતી દર્શક બેનર વગેરે થકી માહિતગાર કરવામાં આવેલ હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ

સ્વચ્છતા બાબતના શપથ લઈને દરીયા તથા દરિયા કિનારાના વિસ્તારોને સ્વચ્છ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

**(માહીતી ખાતુ/આરતી ભદ્ર)**

---------------------------------------------------------------------------

## મોટાયક્ષ મેળો-ટ્રાફિક નિયમન

આજથી થી શરૂ થઈ ચા દિવસી સુધી  નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ખાતે લોકમેળાનું આયોજન થયેલ છે.જેનો બહોળા પ્રમાણમાં લોકો મેળો માણે છે. આ મેળો ભુજ-નખત્રાણા હાઈવે રોડ નજીક હોતા ત્યાંથી લિગ્નાઈટ તથા મીઠાના મોટા ભારે વાહનો પસાર થતાં હોતા ટ્રાફિકની સમસ્યા બને છે,ત્યારે આ મેળામાં આવતા શ્રધ્ધાળુઓ મેળો શાંતિથી મેળો માણી શકે તે માટે નખત્રાણાના વિરાણી ફાટકથી દેશલપર-વાંઢાય સુધીનો રસ્તો તથા મંગવાણા પલીવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુનો રસ્તો આજ થી તા.૨૫ મી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધી ભારે વાહનો માટે પ્રતિબંધિત કરી વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે.

**(માહિતી ખાતુ/આરતી ભદ્ર)**

---------------------------------------------------------------------------

## જિલ્લા સંકલન સમિતિ સહ ફરિયાદ સમિતિ બેઠક

જિલ્લા સેવા સદન ભુજ ખાતે  ગઈકાલે જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લાની સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત જીલ્લાના ધારાસભ્યો તેમજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેનએ જનહિતના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

આ બેઠકમાં  ગૌચર જમીનોમાં દબાણ તેમજ  પંચાયતના રસ્તાઓ તેમજ નખત્રાણાના થાન જાગીર વિકાસના કામની પ્રગતિ અહેવાલ, કડિયા ધ્રો ખાતે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા,તદઉપરાંત નાના મોટા ડેમોના સમારકામમ,ખેડુતોને વીજ કનેકશન, વગેરે અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.

જેને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારી પાસેથી જવાબ મેળવી ત્વરીત સમસ્યાના નિકાલની  સુચના કરી હતી.

**(માહિતી ખાતુ/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------